જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૬/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૦૮૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૩૪	૦	૧૧૫૩૪	૧૭૬૫૧	૦	૧૭૬૫૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૨	૦	૯૨	૩૩૨	૦	૩૩૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૬૭૭૯	૪૬૪	૫૭૨૪૩	૫૭૪૦૧	૪૨૬	૫૭૮૨૭
કુલ		૭૩૧૧૩	૪૬૪	૭૩૫૭૭	૮૧૬૨૭	૪૨૬	૮૨૦૫૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૨૮	૩૮,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૮૭૫	૨૮,૭૫,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૮૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૩ કેસ કરી, ૭૩ વ્યક્તિઓને ઝડપી, ૨૪૪ લીટર દેશી દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૮૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૮૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૧૦૮૫/૨૦૨૧**

રખિયાલઃ કલ્પેશભાઇ ખાંતીલાલ શાહ (ઉ.વ.૪૪) (રહે. ત્રીદેવ તુલીપ નિલકંઠનગર ગલી નંબર-૩ બીપીએસ ક્રોસ રોડ મુલુન્ડ(પશ્ચિમ) મુબંઇ) એ તા.૧૭/૦૬/૨૦૨૧ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૩/૨૦૨૧ થી તા.૧૯/૦૩/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન રખિયાલ બી/એસ કોમ્મેટ એસ્ટેટ સોમા ટેક્ષટાઇલ મીલ કમ્પાઉન્ડ ખાતે આરોપી (૧) નાગેશકુમાર નરેંદ્રકુમાર કથરીયા ઇન્ટર ગ્લોબલ રિસોર્સીસના માલીક (૨) નેહાબહેન (૩) આશીષ અગ્રવાલ (૪) અભયસિંગ એ ભેગા મળી કલ્પેશભાઈ શાહને મોબાઇલ ફોન પર બાયોડીઝલ (ઇમ્પોટ) વેચાણ કરવાની વાત કરતા કલ્પેશભાઈ શાહએ બાયોડીઝલ ખરીદી કરવાની વાત કરતા તેઓના બેંકના ખાતામાં કુલ રૂપિયા ૨૪,૪૮,૦૦૦૦/- જમા કરાવડાવી બાયોડીઝલ નહી મોકલાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.વી.રાઠોડ ચલાવે છે.

વાહન ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૦૮૬/૨૦૨૧**

સાબરમતીઃ મિતેષભાઈ અતુલભાઈ રાવલ (રહે. શુભ એંકલેવ આનંદ ક્રિસટલ પાસે ત્રાગડ સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રહેણાંકના પાર્કિંગમાં પાર્ક કરેલ પોતાની ઈકો ગાડી નંબર જીજે ૦૧ એચઝેડ ૩૬૬૭ કિમત રૂપિયા ૨,૨૫,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.દેસાઇ ચલાવે છે.

<u>લુંટની ફરીયાદઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૦૮૭/૨૦૨૧</u>**

વેજલપુરઃ નરેશભાઈ સ/ઓ સિમળીયાભાઈ ડામોર (ઉ.વ.૨૦) (રહે. દ્વારકેશ ઓકલન્સ વૈષ્ણોદેવી અંડર પાર્ક પાસે બાલાજી વિન્ડ પાર્કની પાસે સોલા) તા.૧૫/૦૬/૨૦૨૧ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે શટલ ઓટો રિક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ ત્રણ પુરૂષોએ નરેશભાઈ ડામોરને છરી બતાવી ટેકનો કંપનીનો મોબાઇલ ફોન કિમત રૂપિયા ૩૦૦૦/-, ચાંદીનુ કડું કિમત રૂપિયા ૫૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૧૫૦/- લુંટ કરી ફતેહવાડી મેટ્રો બ્રીજ વાળા રસ્તે પાણીની કેનાલ વાળા રોડ આગળ રિક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નરેશભાઈ ડામોરે તા.૧૭/૦૬/૨૦૨૧ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વણઝારા ચલાવે છે.

<u>સોનાની ચેઈન ખેચી ઝુટવી લઈ ગયાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૦૮૮/૨૦૨૧</u>**

સરદારનગરઃ દિનેશભાઇ સ/ઓ ભાગચંદભાઇ કેવલરામાની (ઉ.વ.૪૧) (રહે. ભાગ્યલક્ષ્મી સોસાયટી રાજધાની સોસાયટી સામે માયા સિનેમા રોડ કુબેરનગર) તા.૨૭/૦૫/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે રાજાવીર સર્કલ નિરંકારી બગ્લોઝ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ દિનેશભાઈના ગલામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ દિનેશભાઇ કેવલરામાનીએ તા.૧૭/૦૬/૨૦૨૧ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

<u>વિજ કરંટ લાગતા મૃત્યુઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૦૮૯/૨૦૨૧</u>**

નિકોલઃ હર્ષીલ સ/ઓ હરીત ત્રીવેદી (ઉ.વ.૨૫) (રહે. મનોહર એપાર્ટમેન્ટ ગાયત્રી પેલેસની અંદર ૮૦ ફુટ રોડ ઉત્તમનગર નિકોલ) તા.૧૬/૦૬/૨૦૨૧ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે કપડા સુકવવા સારૂ ઘરની ગેલેરીમાં લોંખડના તાર ઉપર કપડા નાખવા જતા વિજ કરંટ લાગતા સારવાર માટે એલીસબ્રીજ એસવીપી હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડોશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયપ્રકાશ અમૃતલાલ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૦૯૦/૨૦૨૧**

ખોખરાઃ ઉર્મીન ભાઇલાલભાઇ ધીવાલા (ઉ.વ.૨૫) (રહે. પુજાવળાની ચાલી બાલભવન ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૬/૨૦૨૧ સાજના ૬/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિપુલગીરી બાનુગીરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી